બંકાવલીનાં ખેલનાં ગાયનો.

સ્વદેશ સુબોધ દર્શક મંડળી માટે.

રચનાર.

કવી. દુર્લભદાસ શ્યામજી ધ્રુવ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

માસ્તર નાનાલાલ વિ. મગનલાલ

અમદાવાદ— ગુસાપારેખની પોળ.

અમદાવાદમાં

“આર્યોદય” પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યાં.

સંવત ૧૯૪૭—સને ૧૮૯૧.

કીમત બે આના.

(જથાબંધ રાખનારને સારૂં કમીશન મળશે.)

૪૭૭૭

બંકાવલીનાં ગાયનો.

મંગળાચરણ-ઇશ્વર સ્તુતિ,

સૂત્રધાર— (કરમ કર મેરે હાલ પર. એ રાગ.)

જગતના પતિ એક તું સુખ સ્વરૂપ,
રહ્યો વ્યાપી સર્વે સદા તું અનૂપ. જગતના૦
નમીનાથ હું પાય લાગું તને,
સુબુદ્ધિ મને આપ બ્રહ્માંડ ભૂપ. જગતના૦

પ્રવેશ ૧ લો.

તાજલમુખ—(માગાએ ક્રોધજ કીધો. એ રાગ.)

ભાવીશું આમ થવાનું, મારૂં મુખ તેજ જવાનું;
કયાંથી આ આવ્યું બ્હાનું, વનમાં, ભટકું.
રે ! પીતા થયા મુજ અંધ, સમાગમ બંધ;
જોઈ મુખ છાનું, ભાવીશું આમ થવાનું. ૧
નશીબમા એવું હતું, તે મિથ્યા નહીં થાય;
હવે નથી કાંઈ સૂજતું, કરવો શુંજ ઉપાય;
નિરૂપાય, મિત્ર જશ જાય, જગતમાં હાય. વનમાં. ૨

મિત્ર— (એક ચતુર નાર—એ રાગ.)

શોક કર ન યાર, દિલમાં તલભાર;
હવે હામ ન હાર, દુઃખમાં મનથી.
શાને થાય ખુવાર, ઇલાજ કરો. શોક૦
કરૂં શું હું બયાન, દૂર છે પરતાન ?
રહે ત્યાં પરી જાન, ગુલબંકાવળી;
ત્યાંથી લાવો પરી ગુલ. મૂલ જેનું ઘણું. શોક૦
તારા ગયા ચાર ભાત, સુંણી ફુલ તણી વાત,
રહી બાખી ઘર રાત, જુગાર રમ્યા;

થયા કેદી આંસુંપાત, બહુ વાર કરી. શોક૦

તાજલમુખ—(ગોપીચંદ ચરિત્ર તુમ સુનો. એ રાગ.)

લાખી ઘરમાં ખબરદાર કેમ, હારી જાય બાજી;
ભાન ભૂલી પડયા શું એ કેદ? પુરા દોસ્ત પાજી;
જાણું પાસા તણો હુંતો ખેલ, રમત હજી તાજી;
જીતું હમણાં હું લાખી નાર, થઇ રહું રાજી. લાખી૦
એવી શું છે લાખી મગરૂર, પલકમાં હરાવું;
દાવ પેચે કરૂં ચકચૂર, ગુલામી કરાવું;
મુને વાત સુણી છુટે શૂર, કેદીને છોડાવું;
દોસ્ત હાલ તો મારી સલામ, મીલો પ્યાર માજી. લા૦

(બંન્ને છુટા પડે છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—લાખી ગુણકાનું ઘર.

લાખી—(હિલ મિલ પનિયાં જાયરે ન નહિયાં—એ રાગ.)

કેસી ઠંડી બરસત બાદલ બુંદનિયાં,
બાદલ બુંદનિયાં, બાદલ બુંદનિયાં. કેસી૦
પીયુ પીયુ મુખસેં કરે, પન નહીં પીવત નીર,
હાય! પપૈયા તું સમી, હાલત મેરી વીર;
હાલત મેરી વીર બુંદનીયાં. કેસી ઠંડી૦

દાસીઓ—ફિકર રખો નહિ બાઇ કુંદનિયાં,
ખાલી ન ભીંજાવો આજ આપકી ચુંદનિયાં. ફિકર૦
બ્હાર ખડા કોઇ ફાંકડો, મુલાકાતમેં મન,
હુકમ હોય તો લાવીએ, જો હો આપ પ્રસંન;
જો હો આપ પ્રસંન કુંદનિયાં. ખાલી ન ભીંજાવો૦

તાજલમુખ—(સાંભળું શા બોલો તમારા રાણી—એ રાગ.)

થાઉં છું ખુશી ભારીં, તુમોને ભેટી (૨)

લાખી— ભલે અમારા ઘેરજ આવ્યા,

તાજલ— ખુશી ખબર પણ એકજ લાવ્યા;
લાખી— સમાચાર એવા શું ભાવ્યા,
તાજલ— આવ્યા, લાવ્યા, ભાવ્યા. તમોને ભેટી-થાઉં૦
લાખી— કહો ખબર શું છે બહુ પ્યારા,
તાજલ— છે રગવાના કોડજ ન્યારા;
લાખી— રમો હોડથી જીતો દારા,
તાજલ— પ્યારા, ન્યારા, દારા, તમોને ભેટી-થાઉં૦
લાખી— સીંહાનો કનરો

વ્હાલ ધરી પ્યારા નમન કરૂં છું, આપ સમીપે આજ હું હારી. વ્હા.
બત્રીશ લક્ષણા બહુ મેં જીત્યા, પણ થઇ અંતે દાસી તમારી. વ્હા.
હુકમ કરો તે હાલ બજાવું, માલીક આપ થયા મુજ ભારી. વ્હા,
આ રંગમ્હેલ છે નાથ તમારો, રમો જમો શિરતાજ સુધારી. વ્હા.

તાજલસુખ—શું સુંદર આ મ્હેલ રાણી છે,
કાન સુણું સુખરૂપ વાણી; શું સુંદર૦
સદાય વાસ હું કરૂં જાણે આંહી, મન મુજ કલ્પે,
બિરહ વિલ્પે, તોપણ તલ્પે, શું સુંદર૦
કલંક એક ઉતારવા, ઇચ્છું મનમાં આજ,
નેત્ર ખુલવવા તાતનાં, જવું ફુલને કાજ;
સુખ સહુ તોડી, જાવું દોડી, આળસ છોડી. શું૦

લાખી— પીતા આપના અંધ, મેં વાત સુણી તમ પાસ,
જમી જાઓ પણ નાથજી, એવી ઉરમાં આશ;
કામ સુધારો, મ્હેલ પધારો, દાસીને તારો. શું૦

—o—

પ્રવેશ ૩ જો.

સ્થળ—રાક્ષસની ગુફા.

સરદાર—કેવો માનવી આવે ભાગ્યહીન,
સઘળા—વાહ વાહરે કેવો ઉગ્યો દિનડો—(૨).
સરદાર—ભક્ષણ કરવું.

સબળા—બહું બહું નરવું
સરદાર—કુંવરની કાયા !
સબળા—જગતની માયા !
સરદાર—કેવા માનવી આવે ભાગ્ય હીન,
સબળા—વાહવાહરે કેવા ઉગ્યા દિન ! (૨)
સરદાર—કેમ તું આવ્યા.
તાજલ—પગ તા ચલાવ્યા.
સરદાર—ખાજ અમારૂં.
તાજલ—ખુશી હું વધારૂં.
સરદાર—શું દુઃખ ભારે.
તાજલ—બહું દુઃખ મારે.
સરદાર—નહીં નહીં મારૂં.
તાજલ—વચન તમારૂં.
સરદાર—કબુલ કરૂં છું.
તાજલ—શીર ધરૂં છું.
સરદાર—કેવા માનવી રૂડું ભાગ્ય ચિન્હ,
સબળા—વાહ વાહરે રૂડા ઉગ્યા દિન ! (૨).
તાજલ મુખ—બાહાગની ગજલ.
મારે ફુલ બંકાવળીનું જોઇયે છે જરૂર,
જોઈએ છે જરૂર મારે જોઈએછે જરૂર—મારે
છે પિતા મુજ અંધ, માટે આંહિ આવ્યાછું,
વચન આપ્યું છે તમે, વિશ્વાસ લાવ્યાછું.
સરદાર—આવી મુશ્કેલી મેં તા (૨)
સબળા—નથી જોઈ સરદાર તમે તા (૨)
સરદાર—આવી મુશ્કેલી મેં તા (૨)
વચને બંધાયો હવે, વૃથા કેમ તે થાયે,
સબળા—બાલ્યું પાળા છે। તમો,
સરદાર—કદી ન મિથ્યા થાય—આવી.

ફુલ અપાવું તો ખરો, ચાલો મારી સાથ,
રાજ કુંવર ઝટ જાલવું, હેતે મારો હાથ—આવીને

(તાજલ મૂખને ઉપાડી બાગ તરફ લઇ જાયછે.)

—o—

પ્રવેશ ૪ થો.

સ્થળ—બંકાવળીનો બાગ.

તાજલમુખ—(પામ્યો પ્યારી મન માની—એ રાગ.)

આવો જોયો નહીં મેં તો, સુખદાયક બાગ અમે તો,
આહા ! શી શોભા સારી, કેવી જોઉ બલીહારી.
હું તો બહું મોહજ પામું, કેવો આ સ્થળે વિરામું,
ફુલના શું રોપા દીપે, માળી પાણી શું છીંપે.
સ્વર છે કેવો કોયલનો, દેખું શું ઠાઠજ જળનો,
કેવું ફુલ બંકનું આ છે, ચુંટું જે બહુ ગુણમાં છે,
ચાલો આ મ્હેલજ નિરખું, કરૂણા પ્રભુની જોઇ હરખું.

(સોનેરી પલંગપર શાંન્તીથી સૂતેલી બંકાવલીને જોઇ.)

તાજલમુખ—(ચમકતી ઠમકતી પદમણીરે—એ રાગ.)

રસીલી છબીલી તું પરીરે,
મારૂં મન તેં હર્યું, મારૂં દિલ તે હર્યું—ટેક.
ચંદ્ર ઝલક સમ મુખડું નિહાળું,
ઘાયલ આજે તેં મન કર્યુંરે—મારૂં૦
શી સુંદરતા નજરે દેખું,
જોઈ જોઇ મારૂં મન ઠર્યુંરે—મારૂં૦
નીશાની દાખલ વીંટી બદલાવું,
કેવું આ દર્શન સુખ ભર્યુંરે—મારૂં૦

—o—

પ્રવેશ ૫ મો.

સ્થળ—લાખીનો મ્હેલ.

લાખી—(દીલદારી કીનીરે-(૨)-એ રાગ.)

મન મારૂં કેવુંરે (૨) વિયોગે દુઃખમાં,

બહુ થડકે, ફડકે, ભડકે, કડકે, મન મારૂં એવુંરે—મન૦
પતિ વિરહે ચિત્ત ચરર ચરર થઇ, ખરર ખરર બહુ આંસુ ખેરવે,
ભારી કારી મારી—છે હાંસીના જેવુંરે—મન૦

તાજલમુખ—(પ્રવેશ કરીને) શત્રુ કહો જેહ—એ રાગ.

આવો શું વિલાપ, થયોછે મેલાપ, કરો ન આલાપ—છો સુજાણરે(૨)
લાગ્યો આહું ફુલ, જે બહુજ અમુલ્ય. દીપાવું હું ફુલ—છોસુજાણરે(૨)
જાવું મારે શેહેર, લેવા મન લ્હેર, રહો તમે ઘેર—છો સુજાણરે (૨)
છોડો ચાર ગુલામ, નીસાનીના ડાગ, દિયોને મુદામ—છો સુજાણરે(૨)
લગાડો ન વાર, થાઓ તૈયાર, રહો ધરી પ્યાર—છો સુજાણરે (૨)

લાખી— મલ્હારની ઠુમરી.

સહન હવે નહીં થાય જરા, દુઃખ વિરહતું ફરી નહીં દેશો. ટેક.
હું પણ સાથે આવીશ સ્વામી, મમ શીરતાજજ આપ ખરા. સ૦
દિવસ કદી નહીં જાય એકલાય, કેમ સમાય દુઃખદ ઉભરા. સ૦
નાથ મ્હેલમાં વસું ન ક્ષણ હું, ભલે રહ્યા સુખદા ડમરા. સ૦
થઈ રહી હું છાંય આપની, સંગ લીયો ભોગી ભમરા. સ૦

તાજલમુખ—(અહો તમ સમાન ધરનારી એ રાગ.)

તજ ફીકર પ્યારી તું મનથી. (૨)
અંધ પીતાનાં નેત્ર ખુલવવા, જવું એકલું તનથી. તજ૦
એક માસની મુદત હું માગું, સુખ પામું તો ધનથી. તજ૦
છે સ્હાયતા મુજને મ્હોટી, ભાગ્યશાળી હુંજ નથી. તજ૦

લાખી— મદન જગાવે મુજકો એ વેરી. એ રાગ.

હુંતો તમારા વશમાં વરતું. ટેક.
તમ આગળે હું રંક સમી છું, ભાગ્ય ભજ્યું અમ ભળતું. હુંતો૦
હુકમ દાસીને ક્યારનો આપ્યો, સાથ જવા મન ગળતું. હુંતો૦
નાથ પધારો નેહથી જમવા, મુખ મૂજ બહુ જળ હળતું. હુંતો૦

——o——

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—બંકાવળીનો બાગ.

(નિંદ્રાવશ થયેલ બંકાવળીને દાસી જગાડે છે.)

દાસીઓ— ગઝલ.

હવે બાઇ જાગો કૃપાળુ થઇ,
વખત જાય વીતી ન શંકા કહી.
પધારો નિયમસર તમે હોજમાં,
રમો સાફ થઇને પછી મોજમાં.
હુકમથી અમે આવીયે તમ કને,
જગાડી જવું રોજ તો આપને.

(દાસીઓનો સ્વર સાંભળી બંકાવળી ઉઠી હોજમાં મોં ધોવા જાય છે, તે વખતે ફુલ ન દેખવાથી.)

(તારૂં કામ મારૂં કામ એમ શું થશે. એ રાગ.)

બંકાવળી—મારૂં ફુલ પ્યારૂં ફુલ કોણ લઈ ગયું?
દાસીઓ—આવો બંદોબસ્ત તેમાં એમ શું થયું?
બંકાવળી—મારૂં ફુલ પ્યારૂં ફુલ કોણ લઇ ગયું?
દાસીઓ—હતું ચળકતું ફુલજ કેવું!
બંકાવળી—આહા! વળી ગુણકારક એવું!
દાસીઓ—આવો બંદોબસ્ત તેમાં એમ શું થયું!
બંકાવળી—મારૂં ફુલ પ્યારૂં ફુલ કોણ લઇ ગયું?

(એવામાં વીંટીપર નજર કરતાં તે ન દેખ્યાથી.)

બંકાવળી— કાલીંગડો.

કોણે બદલી વીંટી આજ મારી! ટેક.
કોઇ પુરૂષનો પ્રવેશ થયો છે, કરી ગયો તે યારી;
મુખ મારૂં પણ જોઈ લીધું એ, તન જાય વિચારી કો૦
કેવી છબી વાહા મનોહર, વ્હાલ ઉપજતુ ભારી;
પાંખ છે મુને હગણાં ઉડીને, જાઊં, સદા બલીહારી. કો૦
રાજ કુંવરની દેહ રૂપાળી, પુરૂષ કોઇ અવતારી;
એને વરૂ કાં દેહજ પાડુ, એ પ્યારો હું પ્યારી. કો૦

(એમ કહી આકાશ માર્ગે ઊડે છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—જંગલ.

(તાજલમુખ ફકીરના વેષે ગાતો ગાતો આવે છે.)

તાજલમુખ—(હંસારે રાજા એ પીંજરા નહીં તેરા. એ રાગ.)

કેવીરે આતો લીધી મેંજ ફકીરી,
મેંતો લીધી છોડી હાલ અમીરીરે. કેવીરે૦
જે હિમત ખેંચી, ફુલ હું લાવ્યો,
થાય છે વૃતિ અધીરીરે. કેવીરે૦
પીતાની પાસે જલ્દીરે જાવું,
નેત્ર ખુલાવું અગીરીરે. કેવીરે૦

(ફુલના ગુણ સાંભળી તાજલમુખના ચારે ભાઈઓ.)

(ભોપાળી કલ્યાણ દાહરો. આઈ વેરીગુડ એ રાગ.)

બધા—કરો અંધને તમે દેખતા, હોય ફુલ જો એવું પાસ,
ખુશી થઇશું અમે દોસ્ત સૌ, કદી ન રાખો મનગાં ત્રાસ.

તાજ—કોઇ અંધને લાવો આહીં, તો બતલાવું હમણાં યાર;
એ ફુલ છે મોંઘા મુલનું, તોપણ શેવક છે તૈયાર.

એટલામાં એક આંધળો આવે છે, તેને તે આંજવાથી દેખતો થાય છે તેથી તેના ભાઇયો તે પડાવી લઇ તાણી જાયછે.

તાજલમુખ—(પ્રભુ આ શી વિપ્રી મુજ માથે પડી—એ રાગ.)

આવી કુમતિ કયાંથી સુઝી મને—ટેક.
મેં નહિ ઓળખ્યા મુજ ભાઈઓને, બાકુ વાર રહ્યા પણ મુજકને, આ.
મ્હેનત ગઇ છે વ્યર્થજ મારી, પરિતાપ થાય ઘણો મનને. આ.
પીતા તણો અંધાપો વ્હેલો, ગટશે એ પામીશ હુમને આ૦
થયું થવાનું નહીં મટવાનું, નિરખું મન ચાલ પ્રીયા તનને. આ૦

પ્રવેશ ૮ મો.

સ્થળ—અરણ્યમાં સરોવર,

બકાવલી—(હવે કદી નહીં અંતઃપુરમાં—એ રાગ.)

છે મુજ વીંટી ખચીત્ત પણ શું, ફકીર વેશે ફરનો રે,

નવાઇ લાગે મુજ અંતરમાં, પણ મન મારૂં હરતોરે. છે મુજ.
મુખપર તેજ છવાયું સારૂં, દેવતાઈ છે કાયા રે,
હિમ્મતની પણ નથીજ ખાગી, શીજ પ્રભુની માયારે છે મુજ.
નજીક જઇ હું હમણાં એને સઘળો ભેદ કઢાવું રે,
એજ પુરૂષની છબી મળે છે, આગળ શાને જાવુંરે. છે મુજ.

તાજલમુખ—(એવીરે રંભા જાણી જવા કેમ દઈએ-એ રાગ.)
પ્યારી રે મારી આજે કેવી ભેટ લઇએ-ટેક.
બાગ તમારો જોઇ મનમાં, થયો અજાયબ ખૂબ,
હોજમાંનું મેં ફુલજ ચુંટયું, હતું જે જળમાં ડૂબરે. પ્યારી.

બંકા—જોઇ છબી તમ આ વીંટીમાં, મોહજ પામી મન,
પાંખ પસારી આવી પાસે, થયું આપ દર્શનરે. પ્યારા૦

તાજ—ધન્ય ધન્ય છે પ્રેમજ તારો, થાય ખુશાલી આજ,
વેષ ફકીરીનું છે કારણ, પણ અગણીત સુખરાજરે. પ્યારી૦

બંકા—હોય કદાપી વેષ આવો તો, ફીકર નહીં તલભાર,
વરી ચુકી છું હું તો તમને, ગનથી વાર હજારરે. પ્યારા૦

તાજ—ઘટિત પ્રીત દર્શાવી માટે, હું પણ દર્શનમાંજ,
પટરાણી કરી હું થાપું, સુખે કરીશું રાજરે. પ્યારી૦

(એટલામાં કેટલાક રાક્ષસો આવે છે તે બંકાવલીને કેદ કરી તાજલમૂખને ફેંકી દે છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ—દરિયા કીનારો.

(તાજલમુખ પાણીમાંથી બ્હાર આવીને પવનથી ધ્રુજતો.)

તાજલમુખ—(વીધીનાં કામ છે કેવાં-એ રાગ.)
આહા ! આશી, દશા મારી, ગઇ સુખચેનની બારી,—ટેક
પડયો જઇને, પાણીમાં હું, સ્થિતી છોડી ઉભો સારી. આહા !
પરી ભેટી, થયો છુટો, વીરહ તો થાય, એક ારી. આહા !
બચ્યો હું તો પડી દરીયે, નહિ તો થાત, દુઃખી ભારી. આહા!

હવે ક્યાં હું, અરે જાણી, પડી છે દૂર, મુજ પ્યારી. આહા !
પરીનો હું કરૂં મેટો, હવે નહિ જાઉં, ત્યાં હારી. આહા !
અસુરની સાથ મિત્રાઈ, થશે એથી સ્થીતિ સારી. આહા !

—o—

પ્રવેશ ૧૦ મો.

સ્થળ બકાવળીનો મ્હેલ.

બકાવળી—ઓધવજી સંદેશો કહેજો સ્વામને—એ રાગ.

અંતે પાછી હું પીયુથી જુદી પડી,
ક્યાંથી ભેટયો અસુર મને એ ક્રૂરજો.
મુજ માતુ આવીને અહીં ધીઃક્કારશે,
વરી ચુકી પણ હું મનથીજ જરૂર જો—અંતે.
નહીં પરવા રાખું હવે હું કોઈની,
ગમે તેમ લે ભલે બધા ઉપાયજો.
પ્યારો મારો નાંખી ગયો છે મોહની,
એમાં કિંચીત કદી ન મિથ્યા થાયજો—અંતે.

ચંપાવતી—ટળ ટળ શું કહું તુજને—એ રાગ.

ધીઃક ધીઃક પુત્રી તુજને, કુળમાં કીધુ શું?
લીધું શું પુરૂં કલંક ભૂલી ભાન;
અધિક વિચાર કંઇ કર્યો નહીં નિજ મનરે. ધિઃક૦
પીયુ ગમ્યો નહીં નીજ જાતીમાં, નિશદિન રહી તું ઘાતીમાં,
મોહમાં ફસીને નાસી, માનવીમાં થઈ વિલાસી,
પૂછયા વિના કયાં પ્રકાશી, મગરૂરી પુરી ભાસી,
જરા મનમાં ન ત્રાસી, અવળી છે હવે આશી,
ધસીને, ફસીને, ખસીને વસીનેરે. ધિઃક૦

પ્રવેશ ૧૧ મો.

દાસીઓ—(હાડાજી શું કરો સાહસ આ—એ રાગ.)

માતાજી શું ખુરં બોલો છો, આશક થઇ એ કુમારી રે. ટેક૦

માનવીની સાથે મન એનું મોહ્યું, કદી નહીં ફાવે એમાં કારીરે. મા૦
લગ્ન ખુશીથી કરી હવે દો, વૃથા કહો ફરતા ઉચારીરે. મા૦
નીશ્ચય એનો કદી નથી ફરતો, કરીછે કસોટી અમે ભારીરે. મા૦

ચંપાવતી—(તમારો વિયોગ છે—એ રાગ.)

મન એનું માન્યું માનવીની સાથે,
અવળુ એ કેવું પગલુ ભર્યું છે મન૦
પણ કર ગાઢી જોઇને દ્રઢતા,
એક બીજાનું મનડું હર્યું છે. મન૦
જાઉં એના હું તાત આવાસે,
શોધ કરાવું બાળ ક્યાં વિચર્યું છે. મન૦

પ્રવેશ ૧૨ મો.

સ્થળ—રંગ મંડપ.

કલાવંતીઓ—(બતાદે સખી કોન ગલી—એ રાગ.)

સુનાદે સખી મંડપકી ક્યા બાત—ટેક.
કંન્યા ગંધર્વકી બરત માનવ સંગ,
આહા! આહા! કેસી યેહિ રાત—સુનાદે૦
કેસી મજે રહીત દેખો ખુશતુમે,
દેખો કેસે મિલત દોનુ કે હાત—સુનાદે૦

બંન્ને સાથે—(બંધ કીલ્લો બાપુ છે શું કામ—એ રાગ.)

આ બંદગી સુણોને તમામ, લ્યો બંદગી પ્રભુજી પ્રણામ,
મળ્યું સુખડું સારૂંરે—લ્યો બંદગી પ્રભુજી પ્રણામ.

તાજલ—પ્રીતની રીત છે સદાય ન્યારી, તેમાં થયું આજ કામ,
પ્રીયા તેમાં થયું આજ કામ—મળ્યું સુખડું સારૂંરે લ્યો૦

બંકાવળી—મન મારૂં માનવમાં માન્યું, થયું પુરૂં તે આમ,
પીયું થયું પુરૂં તે આમ, મળ્યું સુખડું સારૂંરે—લ્યો૦

તાજલ—હતું જો દ્રઢ મનતો હું પામ્યો, પરી રૂપી આ વામ,
પ્રભુ પરી રૂપી આ વામ, મળ્યું સુખડું સારૂંરે—લ્યો૦

બંકાવળી—માતપીતાની થઇ મેહેરબાની, મેં જોયો પુરો આ દમામ,
આજે જોયો મેં પુરો આ દમામ, મળ્યું સુખડું સારૂંરે—લ્યો૦

તાજલ—સફળ થઈ તેમ જીંદગી મારી, રેહેશે જગતમાં નામ;
ભલા રેહેશે જગતમાં નામ, મળ્યું સુખડું સારૂંરે—હ્યોં૦
ચંપાવતી—લગન કર્યું છે ધરી ખુશાલી, પામવા સદા વિરામ,
ભલા પામવા સદા વિરામ મળ્યું સુખડુ સારૂંરે—હ્યોં૦
સર્વે પાત્રો—જો કરી હિંમત, તો થઈ કિમ્મત,
છે હિંમતનું એવું કામ;
હિંમત ધન કિંમત જગમાં,
હિંમત જીતે હોડે તમામ;
વસ્તો વનમાં તોપણુ મનમાં,
પીતા તરફ બહુ લાવ્યો પ્રીત;
ખુબ સુખંતે, ચાહ્યો અંતે,
એવી રાજ કુંવરની રીત.
દીલમાં નહીં ડરે, સફળ જન્મ તે કરે,
સિંહની પીઠે હમેશ, પાય એ ધરે.
જ્યાં મજબુતી, ત્યાં રજપુતી,
કરો અવરને શું રજપૂત;
હોય વિદેશે કે નીજ દેશે,
કદી ન બીનારો અદ્‌ભૂત.
ભલે વિકટ બહુ સંકટ આવે,
ધરે તોયે એ મનમાં ધીર;
પ્રભુની પાસે માગું આશે,
તાજલમૂખ સમ આપો વીર.
દિલમાં નહીં ડરે, સફળ જન્મ તે કરે,
સીંહની પીઠે હમેશ પાય એ ધરે.

સમાપ્ત.

मास्तर. नानालाल वि. मगनलाले

પ્રગટ કરેલાં પુસ્તકો.

સામટાં લેનારને સસ્તે ભાવેથી મળશે.

પુસ્તકનાં નામ.	આ. પા.
નવીન સંગીત લીલાવતી નાટક	૩—૦
,, ચંદન મલયાગીરી ગાયન	૨—૦
,, શાકુન્તલ નાટકનાં ગાયન	૨—૦
,, ભર્તૃહરી નાટકનાં ગાયન	૨—૦
,, ચાપરાજ હાડાનાં ગાયન	૨—૦
,, સ્થુળીભદ્ર નાટકનાં ગાયન	૨—૦
,, બકાવળી નાટકનાં ગાયન	૨—૦
,, સદેવંત સાવળીંગા ગાયન	૨—૦
,, દંતલ શેઠ દુઃખ દર્શકનાટક	૨—૦
,, ચમત્કારી જાદુગર	૨—૦
,, રાણકદેવી રાહખેંગાર ગાયન	૧—૦
,, વનરાજ ચાવડાના ગાયન	૧—૦
,, અટર પટર ગપાટા!	૧—૦
,, ગપીદાસની ગપ!	૧—૦
,, સ્ત્રી ચરીત્ર ફારસ	૦—૬
,, પુરૂષ ચરિત્ર ફારસ	૦—૬
,, રસીક સ્તવન સંગ્રહ	૦—૬

તે સિવાય બીજા ઘણાં રસીલાં રંગીલા નાટકો, વાંચવા લાયક વાર્તાઓ, ફરરર દેઇ હસી જવાય એવા ફારસ, જાતજાતનાં જૈનધર્મના ને ભાતભાતનાં વૈષ્ણવ ભક્તોનાં પુસ્તકો પણ વેચીએછીએ માટે જે જોઇએ તે મંગાવજો, શરમાશો નહીં. હોકે!!

લી. આપનો હિતેચ્છુ

માસ્તર, નાનાલાલ વિ. મગનલાલ.

અમદાવાદ—ગુસાપારેખના પોળ.